

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## શ્રીહરિપ્રાગટ્ય... સહજાનંદપ્રાગટ્ય...

સદા કલ્યાણકારી... પરમ સુખકારી.
આત્મકલ્યાણ અનંત જીવોનાં કરવાં છે
સૌને શુદ્ધ પવિત્ર કરવા છે
અહંતા-મમતાથી સૌને પર કરવા છે
પ્રભુ સ્વરૂપે તદાકાર કરવા છે
'સ્વ' રહિત કરવા છે ને નિર્મલ કરવા છે
પ્રભુ અખંડ આતમે બિરાજી રહે
પ્રભુનું જ કાર્ય સમગ્ર તંત્ર કરતું રહે
તેવી ગુણાતીત અવસ્થામાં રહેતા સૌને કરવા છે
મારું-તારું મટી જાય... રાગ-દ્વેષ છૂટી જાય
પ્રભુ સંબંધ જોઈ સૌની સાથે વ્યવહાર થાય
નમ્રતા વિવેક વાત્સલ્યે છલકાઈ જાય
પ્રભુનું મંદિર સૌ આશ્રિતો બની જાય
મને જે પામ્યા તે કેવળ મારા બની જાય
મારા આશ્રિત સૌને મારા ગુણાતીત સ્વરૂપે પ્રીતિ થાય
સૌને તે સ્વરૂપે આત્મબુદ્ધિ થઈ જાય
તે સ્વરૂપની અહોભાવે સેવા કરી નિર્ગુણ થઈ જાય
અખંડ સહજાનંદ સૌને પ્રાપ્ત થાય
તેવા દિવ્ય શુભ સંકલ્પ સાથે પ્રભુ બ્રહ્માંડે પધાર્યા
આ આદર્શે પોતાના જ સ્વરૂપ ગુણાતીતને લાવ્યા
તેવા ગુણાતીત સ્વરૂપે અખંડ પ્રગટ રહ્યા
જેને તેવા સ્વરૂપનો યોગ થયો... સંબંધ થયો
જેને તે સ્વરૂપ શ્રીજી સ્વરૂપ મનાયા...
જેઓએ તે સ્વરૂપને અક્ષરરૂપ માની સેવ્યા
તે સૌ પરમપદની પ્રાપ્તિના માર્ગે સંચર્યા
તે સૌને અખંડ સહજાનંદ પ્રગટ પ્રત્યક્ષ અનુભૂતિ થઈ
તે સૌ ॥ અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ ॥
મંત્રને જીવનમાં સાકાર કરવા ઝંખી રહ્યા... મંડી પડ્યા
હે પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ !

અમે આપની કૃપાના યશભાગી
આપનો સંબંધ પૂર્વનો જાગ્રત થયો
ગુણાતીતનો યોગ આપની કૃપાથી પ્રાપ્ત થયો
તે ગુણાતીત સ્વરૂપો... ભગતજી મહારાજ ને જાગા સ્વામી
શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપા થકી અખંડ રહ્યો
તે સંબંધ... કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી
તે યોગ... પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજીને વિદ્યમાન સ્વરૂપો
તે પ્રત્યક્ષતા સંતભગવંત સાહેબજીના સ્વરૂપમાં
અમને પ્રાપ્ત થતાં અમે આપના સંકલ્પમાં આવી ગયા
આપના સંકલ્પ ને આ સ્વરૂપોનાં કૃપાજતનથી
શુદ્ધ ઉપાસના સમજાઈ... વર્તનમાં આવી
આપ કલ્યાણ દાતા... આપનાં સૌ સ્વરૂપો પણ તેવાં જ કલ્યાણકારી
તે સૌના સંબંધવાળા જે આપના પૂર્વના યોગવાળા મુક્તો-સંતો
સૌ દિવ્ય મનાયા... આપ જ સૌના પ્રેરક છો તે મનાયું
તે સૌની સેવા કરવી રાજી કરવા તે આપની ભક્તિ
તે સૌના દાસ બની રહી આનંદ કરવો તે પ્રાપ્તિ મનાયું
તો દયાળુ ! ફાવી ગયા...
આપના પ્રાગટ્યના મંગલપર્વે પ્રાર્થના !
અમને આ પ્રાપ્તિ થઈ છે... મહિમા સમજાયો છે
તે શાશ્વત કરો... અમને આપમાં લીન કરો
આપના જ પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબજીના દાસ બનાવો !
સાહેબજીનાં જે વ્હાલાં... જેને આપ વ્હાલા તે સૌના દાસ બનાવો !
આ ઉપાસના માર્ગે સંચરેલા સૌને આ સત્ય સમજી,
પ્રતિપળ જીવનનાં આચરણ વર્તનમાં રાખવા-પામવા
શક્તિ, ભક્તિ ને સમજદારી સદા અર્પો ! ◆



બ્રહ્મજ્યોતિ, ૧.૪.૨૦૧૯
પૂ. વી.એસ. પ્રાગટ્ય, નિર્વાણ મંગલપર્વ